# NMMS – 2026
## (GUJARATI)

કેટેગરી **A**

કુલ સમય : 180 મિનિટ    પરીક્ષાનો સમય : 3 કલાક    કુલ ગુણ : 180

| NMMS-G | પ્રશ્ન પુસ્તિકા નંબર QUESTION PAPER NO.
A 332861
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

બેઠક નંબર :

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. આ પેપરમાં નીચે મુજબના વિભાગો, પ્રશ્નોની સંખ્યા, સમય અને ગુણ છે.

| વિભાગ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | સમય | ગુણ |
|---|---|---|---|---|
| 1 | માનસિક ક્ષમતા કસોટી | 1 થી 90 | 90 મિનિટ | 90 |
| 2 | શાળાકીય યોગ્યતા કસોટી | 91 થી 180 | 90 મિનિટ | 90 |
| | **કુલ** | **180** | **180 મિનિટ** | **180** |

2. વિભાગ- 2 માં પ્રશ્ન ક્રમાંક : 91 થી 180 શાળાકીય યોગ્યતા કસોટી (ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સામાજિક વિજ્ઞાન) ના છે.
3. **તમામ પ્રશ્નો ફરજિયાત છે.**
4. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
5. બંને વિભાગના જવાબો એક જ OMR SHEET માં જ વિભાગવાર આપવાના રહેશે, તે બાબત ધ્યાનમાં રાખશો.
6. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
7. અનુવાદ કરેલા પ્રશ્નપત્રમાં ઉપસ્થિત થતા વિવાદની પરિસ્થિતિમાં ગુજરાતી પ્રશ્નપત્ર માન્ય ગણાશે.
8. દરેક વિદ્યાર્થીએ પોતાના પ્રશ્નપત્રની સિરીઝ (A, B, C, D અથવા E) OMR SHEET માં દર્શાવવાની રહેશે.

# રફ કામ માટેનું પેઈજ

(1) NSG : રાષ્ટ્રીય સુરક્ષા

NDRF : ........................

(A) મનોરંજન (B) આપત્તિ વ્યવસ્થાપન

(C) અન્ન ઉત્પાદન (D) માહિતી સંચાર

(2) Three : Triangle

Six : ........................

(A) Pentagon (B) Heptagon

(C) Tetragon (D) Hexagon

(3) આજે સોમવાર છે તો બરોબર 40 દિવસ પછી .................... વાર હશે ?

(A) શનિ (B) મંગળ

(C) ગુરુ (D) શુક્ર

(4) AQI means -

(A) Air Quality Information (B) Air Quality Index

(C) Arm Quality Information (D) Air Quantity Index

(5) ગુજરાતના હાલના જિલ્લાની કુલ સંખ્યા


(A) 32 (B) 33 (C) 34 (D) 30

(6) 7, 13, 25, 49, 97, ..........?..........

(A) 173 (B) 210

(C) 193 (D) 197

(7)




(A) 110 (B) 140 (C) 124 (D) 120

(8) બાળકોની એક લાઈનમાં લવ ડાબી બાજુથી 9 માં સ્થાને છે. જ્યારે કુશ જમણી બાજુથી 16 માં સ્થાને છે. જો બંનેના સ્થાનની અદલા-બદલી કરવામાં આવે તો લવનું સ્થાન ડાબી બાજુથી 25 મું થઈ જા યછે. તો લાઈનમાં કુલ કેટલાં બાળકો હશે ?

(A) 26 (B) 41 (C) 15 (D) 40

(9) તમે એક બેન્ચની સામે ઊભા છો. જય, વિજય, અજય અને સુજય તે બેન્ચ પર બેઠા છે. અજય સુજય પાસ-પાસે બેઠા છે. વિજય જય કે અજયની બાજુમાં નથી. જય બેન્ચના જમણા છેડે બેઠો છે. તો ચારેયનો બેન્ચ પર બેસવાનો ક્રમ જણાવો.

(A) જય - વિજય - અજય - સુજય
(B) જય - સુજય - વિજય - અજય
(C) જય - અજય - વિજય - સુજય
(D) જય - અજય - સુજય - વિજય

(10)

| 41 | |
|---|---|
| 4 | 5 |

| ? | |
|---|---|
| 7 | 6 |

(A) 61
(B) 75
(C) 85
(D) 82

(11) નીચેના પ્રશ્નમાં '+' ને બદલે '—' '—' ને બદલે '×', '×' ને બદલે '÷', '÷' ને બદલે '+' ગણતાં શું જવાબ આવે તે વિકલ્પમાંથી શોધો.

89 ÷ 121 × 11 + 14 –7

(A) 2
(B) 14
(C) 36
(D) 32

(12) જો A નો અર્થ – , B નો અર્થ ÷, C નો અર્થ +, D નો અર્થ × તો

15B3C24A12D2 = ?

(A) 3
(B) 5
(C) 7
(D) 9

(13) જો ZEBRA ને સાંકેતિક ભાષામાં 2652181 લખી શકાય તો LION ને કેવી રીતે લખી શકાય ?

(A) 1291514
(B) 2652181
(C) 1814215
(D) 1526129

(14) નીચે આપેલ ક્રમિક સંબંધને પૂર્ણ કરવા કયો વિકલ્પ પ્રશ્નાર્થની જગ્યાએ મૂકાશે.

ABD : CBA : : QRT : ?

(A) SRQ
(B) BSC
(C) DWO
(D) OSQ

(15) જો CONGRATULATION ને સાંકેતિક ભાષામાં NOITALUTARGNOC લખાય તો THANKYOU ને સાંકેતિક ભાષામાં શું લખાય ?

(A) UOYNKAHT
(B) UOYKNAHT
(C) YOUKNAHT
(D) UOYKNHAT

(16) જો A નો અર્થ ÷, B નો અર્થ ×, C નો અર્થ + અને D નો અર્થ – કરવામાં આવે તો 44A11B7D5C9 ની કિંમત નીચેના પૈકી કઈ હોય ?

(A) 40 (B) 36

(C) 30 (D) 32

(17) નીચે આપેલા શબ્દોને તાર્કિક રીતે ક્રમસર ગોઠવો.

(a) વ્યાજ (b) મુદ્દલ (c) મુદત

(d) વ્યાજ મુદ્દલ (e) વ્યાજ દર

(A) (b), (e), (c), (a), (d) (B) (b), (e), (a), (c), (d)

(C) (e), (d), (a), (b), (c) (D) (b), (c), (e), (a), (d)

(18) નીચે આપેલા શબ્દોને તાર્કિક રીતે ક્રમસર ગોઠવો.

(i) જાહેરાત (ii) રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ)

(iii) અરજી પત્રક (iv) નિયુક્તિ (v) પરીક્ષા (HSC)

(vi) પસંદગી (vii) ખુશી

(A) (v), (i), (iii), (ii), (vi), (iv), (vii)

(B) (v), (ii), (i), (iii), (iv), (vii), (vi)

(C) (iii), (i), (iv), (ii), (vi), (v), (vii)

(D) (v), (i), (ii), (iii), (vii), (iv), (vi)

(19) નીચેના કાળને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(1) પરમાણુકાળ (2) ધાતુકાળ (3) પાષાણકાળ

(4) મિશ્રધાતુકાળ (5) આધુનિકકાળ

(A) 1, 3, 4, 2, 5 (B) 3, 2, 4, 5, 1

(C) 3, 2, 4, 1, 5 (D) 1, 3, 4, 2, 5

(20) કદ મુજબ ચડતા ક્રમમાં ગોઠવો.

(1) આકાશગંગા (2) ચંદ્ર (3) તારા

(4) સૂર્ય (5) પૃથ્વી

(A) 1, 4, 3, 2, 5 (B) 2, 3, 4, 5, 1

(C) 2, 5, 4, 3, 1 (D) 4, 3, 2, 5, 1

(21) નીચે આપેલ ચાર વિકલ્પો પૈકી કયા વિકલ્પના શબ્દોની ગોઠવણી અર્થપૂર્ણ બનાવે છે ?

(1) પોલીસ (2) ગુનો (3) રાજા

(4) ચૂકાદો (5) સુનાવણી

(A) 2, 1, 5, 4, 3

(B) 2, 3, 4, 5, 1

(C) 2, 3, 4, 1, 5

(D) 2, 1, 3, 4,5

(22) નીચે આપેલ શબ્દોને તેમના મૂળાક્ષરક્રમ પ્રમાણે ગોઠવીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(1) DISSIDENT (2) DISSOLVE (3) DISSENT

(4) DISSOLUTE (5) DISSOLUTION

(A) 3, 1, 4, 5, 2 (B) 3, 2, 1, 4, 5

(C) 3, 1, 4, 2, 5 (D) 3, 2, 4, 5, 1


(23) નીચેની આકૃતિમાં વધુમાં વધુ કેટલા ચોરસ છે ?





(A) 30 (B) 25


(C) 20 (D) 32

(24) નીચેના વિકલ્પો પૈકી જુદી પડતી આકૃતિ શોધો ?

(A) 

(B) 

(C) 

(D) 

(25) નીચે આપેલા પ્રશ્નમાં આકૃતિની અરીસા (દર્પણ) છાપની આકૃતિ શોધી સાચો વિકલ્પ જણાવો.


FAN


(A) 

(B) 


(C) 

(D) 

(26)  પ્રશ્નચિત્રમાં આપેલ આકૃતિ અધુરૂ ભૌમિતિક ચિત્ર છે. જે ઉત્તરચિત્રના વિકલ્પ પૈકી એક વિકલ્પ પસંદ કરી ચિત્ર પૂર્ણ કરો.


(A) 


(B) 


(C) 


(D) 


(27) નીચે આપેલ ચાર આકૃતિમાંથી એક આકૃતિ જુદી પડે છે. આ જુદી પડતી આકૃતિ શોધો.


(A) 


(B) 


(C) 


(D) 


(28)  આપેલ કોયડા (સમસ્યા) આકૃતિ આપવામાં આવેલ છે. જેનો એક ભાગ અદૃશ્ય છે. જેમાં બંધ બેસે તેવો ભાગ વિકલ્પ પૈકી પસંદ કરો.

(A) 

(B) 


(C) 


(D) 


(29)  આપેલ આકૃતિમાં ત્રિકોણની સંખ્યા શોધો.


(A) 32
(B) 30
(C) 35
(D) 28


(30) સમસ્યા આકૃતિનીશ્રેણીને પૂર્ણ કરતી આકૃતિ ઉત્તરના વિકલ્પોમાંથી શોધો.



(A) 

(B) 

(C) 

(D) 

(31) એક રેલગાડી અમદાવાદથી પશ્ચિમ દિશામાં 120 km અંતર કાપી ત્યાંથી દક્ષિણ બાજુ 30 km અંતર કાપે છે. ત્યાંથી થોડે આગળ વધી પૂર્વ દિશામાં 120 km અંતર કાપે છે અને ફરીથી ત્યાંથી દક્ષિણ બાજુ ચાલવા લાગે છે તો આ રેલગાડી અત્યારે અમદાવાદથી કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર
(B) પૂર્વ
(C) દક્ષિણ
(D) પશ્ચિમ

(32) Y એ $x$ ની પૂર્વ દિશામાં છે. $x$ એ Z ની ઉત્તર દિશામાં છે. P એ Z ની દક્ષિણ દિશામાં છે. તો P એ Y ની કઈ દિશામાં હોય ?

(A) દક્ષિણ
(B) ઉત્તર
(C) અગ્નિ
(D) નૈઋત્ય

(33) એક વિદ્યાર્થી તેની ઘડિયાળ એવી રીતે ગોઠવે છે કે 8:00 વાગ્યે મિનીટ કાંટો ઉત્તર દિશા તરફ રહે. તો 10:30 વાગ્યે કલાક કાંટો કઈ દિશા તરફ રહે ?

(A) ઈશાન
(B) અગ્નિ
(C) નૈઋત્ય
(D) વાયવ્ય

(34) 100 મીટર લાંબી ટ્રેન, 150 મીટર લાંબા પ્લેટફોર્મની બરાબર મધ્યમાં ઊભી છે. પ્લેટફોર્મની (સંપૂર્ણપણે) બહાર નીકળતાં પહેલાં ટ્રેને ઓછામાં ઓછું કેટલું અંતર કાપવું પડે ?

(A) 100 મીટર
(B) 125 મીટર
(C) 150 મીટર
(D) 175 મીટર

(35) નીચેના પ્રશ્નમાં બે સમૂહો આપેલ છે. પ્રથમ સમૂહમાં બે શબ્દો વચ્ચે કોઈ ગુણધર્મ કે સંબંધ છે. જેના આધારે બીજા સમૂહમાં સંબંધ ધરાવતો શબ્દ વિકલ્પોમાંથી શોધીને લખો.

ઘડિયાળ : સમય : : ચશ્મા : ?

(A) આંખો (B) દૃષ્ટિ (C) કાચ (D) લેન્સ

(36) નીચે આપેલ પ્રથમ બે શબ્દોનો ચોક્કસ સંબંધ ધ્યાનમાં રાખીને તેને અનુરૂપ પ્રશ્નાર્થ (?) ચિહ્ન દર્શાવેલ સ્થાન પર કયો શબ્દ બંધ બેસતો આવે છે ? તે નીચેના પૈકી વિકલ્પમાંથી પસંદ કરો.

એમ્બ્યુલન્સ : 108 : : ફાયર બ્રિગેડ : ?

(A) 101 (B) 100 (C) 181 (D) 1098

(37) નીચે આપેલ પ્રથમ બે શબ્દોનો ચોક્કસ સંબંધ ધ્યાનમાં રાખીને તેને અનુરૂપ પ્રશ્નાર્થ (?) ચિહ્ન દર્શાવેલ સ્થાન પર કયો શબ્દ બંધ બેસતો આવે છે ? તે નીચેના વિકલ્પોમાથી પસંદ કરો.

પરિમિતિ : ચોરસ : : ? : વર્તુળ

(A) ત્રિજ્યા
(B) જીવા
(C) વ્યાસ
(D) પરિઘ

(38) એક છોકરાની ઓળખ આપતાં છોકરીએ કહ્યું "તે મારા કાકાના પિતાની પુત્રીનો પુત્ર છે." છોકરાનો છોકરી સાથે શો સંબંધ હશે ?

(A) ભત્રીજો (B) કાકા

(C) જમાઈ (D) ફોઈનો દીકરો

(39) જો કોઈ મહિનાની 23 મી તારીખના આગળના દિવસે શનિવાર હોય તો 1 તારીખે કયો વાર આવશે ?

(A) બુધવાર (B) ગુરૂવાર

(C) શુક્રવાર (D) શનિવાર

(40) નીચેનામાંથી કયુ વર્ષ લીપવર્ષ નથી ?

(A) 2400 (B) 2000 (C) 2200 (D) 1600

(41) આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.

FESTIVAL

(A) AEFILSTV (B) AFEILSTV

(C) AEFLISTV (D) AFELISTV

(42) ત્રણ વિદ્યાર્થીઓની ઉંમર ત્રણ ક્રમિક સંખ્યાઓ છે. જો તેમની ઉંમરનો સરવાળો 51 વર્ષ હોય તો તે ત્રણેયની ઉંમર શોધો.

(A) 15 વર્ષ, 16 વર્ષ, 17 વર્ષ (B) 16 વર્ષ, 17 વર્ષ, 18 વર્ષ

(C) 17 વર્ષ, 18 વર્ષ, 19 વર્ષ (D) ત્રણેયની ઉંમર 17 વર્ષ

(43) NOMENCLATURE માંથી અક્ષરો પૈકી, અક્ષરનો માત્ર એક જ વાર ઉપયોગ કરવાથી કયો શબ્દ બનતો નથી.

(A) LECTURE (B) CULTURE

(C) ENTER (D) COURT

(44) નીચેનામાંથી કયો રંગ મેઘધનુષ્યના રંગોમાં જોવા મળતો નથી ?

(A) જાંબલી (B) પીળો

(C) લાલ (D) કાળો

(45) 7, 11, 13, 17, ........?........

(A) 18 (B) 19 (C) 23 (D) 29

(46) નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી કોઈ એક વિકલ્પ બાકી વિકલ્પથી અલગ પડે છે તે શોધો.

(A) ભારત (B) યૂરોપ

(C) આફ્રિકા (D) એશિયા

(47) જો કોઈ સાંકેતિક ભાષામાં KERALA માટે LFSBMB લખવામાં આવે તો આજ ભાષામાં ANDHRA માટે કયો કોડ લખી શકાય ?

(A) BOERIA
(B) BOESIA
(C) BOESIB
(D) BOETIB

(48) વિસ્તારની દષ્ટિએ રાજ્યનો યોગ્ય ક્રમ ગોઠવો.

(a) મધ્યપ્રદેશ (b) મહારાષ્ટ્ર (c) ઉત્તરપ્રદેશ
(d) ગુજરાત (e) રાજસ્થાન

(A) e, a, b, c, d
(B) e, a, c, d, b
(C) e, a, d, c, b
(D) a, b, e, c, d

(49) તમારા પિતાના પિતાના એક માત્ર પુત્રની પુત્રીનો તમારી સાથે શો સંબંધ થાય ?

(A) ફોઈ
(B) બહેન
(C) માતા
(D) પિતરાઈ બહેન

(50) જો ઉષા એ નિશા કરતાં ઊંચી છે. નિશા એ મિતલ કરતા ઊંચી છે. સરીતાએ ઉષા કરતાં ઊંચી છે. વર્ષા એ મિતલ કરતા નીચી છે. તો નીચેનામાંથી કોણ સૌથી ઊંચુ છે ?


(A) ઉષા
(B) સરીતા
(C) નિશા
(D) મિતલ

(51) નીચે આપેલ શબ્દોને યોગ્ય તાર્કિક ક્રમ મુજબ ગોઠવો.

(1) ગિગાબાઈટ (2) બાઈટ
(3) ટેરાબાઈટ (4) કિલોબાઈટ

(A) 4, 2, 3, 1
(B) 1, 2, 3, 4
(C) 2, 4, 1, 3
(D) 3, 4, 1, 2

(52)




(A) 21
(B) 17
(C) 19
(D) 23

(53) જો લાલને પીળો, પીળાને લીલો, લીલાને સફેદ અને સફેદને નારંગી કહેવામાં આવે તો દૂધનો રંગ કયો હશે ?

(A) લાલ (B) પીળો

(C) નારંગી (D) લીલો

(54) સૂર્ય તરફ મોં કરીને ઊભેલો એક માણસ ડાબી બાજુ બે વાર વળે છે. તો તે કઈ દિશામાં મુખ રાખીને ઊભો છે ?

(A) દક્ષિણ (B) ઉત્તર

(C) પશ્ચિમ (D) પૂર્વ

(55) રમેશ પૂર્વ દિશામાં 5 કિ.મી. ચાલે છે. પછી ડાબી બાજુ વળીને 4 કિ.મી. ચાલે છે. ફરીથી તે ડાબી બાજુ વળીને 5 કિ.મી. ચાલે છે. હવે તે પ્રારંભિક બિંદુથી કઈ દિશામાં છે ?

(A) દક્ષિણ (B) પૂર્વ

(C) ઉત્તર (D) પશ્ચિમ

(56) નીચેનામાંથી સંબંધને અનુસરીને ખાલી જગ્યા પૂરો. 14 : 196 : : 23 : .....?.....

(A) 429 (B) 426 (C) 529 (D) 576

(57) નીચેનામાંથી કઈ સંખ્યા અલગ પડે છે ?

(A) 9 (B) 16 (C) 25 (D) 30

(58) નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો.

(A) સોનુ (B) પ્લેટિનમ

(C) પારો (D) ચાંદી

(59) શ્રેણી : 0, 3, 8, 15, 24, .....?.....

(A) 34 (B) 35 (C) 36 (D) 37

(60) નીચેના શબ્દોને તાર્કિક ક્રમમાં ગોઠવો.

(1) વરસાદ (2) સૂર્યપ્રકાશ (3) બાષ્પીભવન (4) વાદળ

(A) 2, 3, 4, 1 (B) 3, 2, 4, 1

(C) 4, 1, 3, 2 (D) 1, 4, 3, 2


(61) કિલોગ્રામ : વજન, કિલોમીટર ......(?)......

(A) સમય (B) તાપમાન

(C) અંતર (D) ઝડપ

(62) નીચેનામાંથી કયો શબ્દ અલગ પડે છે ?

(A) સૂર્ય (B) ચંદ્ર (C) પૃથ્વી (D) મંગળ

(63)  છાયાંકિત ભાગને અપૂર્ણાંક સ્વરૂપે દર્શાવો.


(A) $\frac{1}{4}$ (B) $\frac{2}{8}$


(C) આપેલ બંને (D) એક પણ નહિ



(64) નીચેનામાંથી કયો વિકલ્પ બાકી ત્રણથી અલગ પડે છે ?

(A) હૃદય (B) કિડની



(C) આંખ (D) ફેફસા



(65) 

(A)  (B) 

(C)  (D) 

(66) જુદી પડતી આકૃતિ ઓળખો.

(A)  (B) 

(C)  (D) 

(67) આજે મંગળવાર છે. તો હવે પછીના 135માં દિવસે કયો વાર આવશે ?

(A) સોમવાર (B) મંગળવાર

(C) બુધવાર (D) ગુરુવાર

(68) રતાંધણાપણું : A તો સ્કર્વી : ....................

(A) વિટામીન C (B) વિટામીન D

(C) વિટામીન E (D) વિટામીન K

(69) 48, 45, 39, 30, 18, ............... ?

(A) 3 (B) 5 (C) 1 (D) 0

(70) આડો મીટર : અંતર : : બેરોમીટર : .................. ?

(A) દબાણ (B) પવન

(C) તાપમાન (D) ઉંચાઈ

(71) 7 : 49 : : 8 : ................. ?

(A) 25 (B) 49 (C) 64 (D) 79

(72) તામીલનાડું : ચેન્નાઈ : : આંધ્રપ્રદેશ : .................. ?

(A) હૈદરાબાદ (B) અમરાવતી

(C) કેરળ (D) મદ્રાસ

(73) ગ્રેહામબેલ : ટેલીફોન : : થોમસ એડિસન : .................. ?

(A) એરોપ્લેન (B) બલ્બ

(C) રેડિયો (D) ઈન્ટરનેટ

(74) અખો : છપ્પા : : નરસિંહ મહેતા : ................ ?

(A) પ્રભાતિયા (B) આખ્યાન

(C) રાસ (D) ગરબી

(75) 27 : 9 : : 125 : .................. ?

(A) 25 (B) 10 (C) 5 (D) 15

(76) 1. બીજ 2. છોડ 3. ફૂલ 4. ફળ 5. અંકુર

(સાચી પ્રક્રિયા પ્રમાણે ગોઠવો)

(A) 1, 5, 2, 3, 4 (B) 5, 1, 2, 3, 4

(C) 1, 3, 5, 4, 2 (D) 1, 4, 3, 2, 5

(77) 1. ડૉક્ટરની સલાહ 2. નિદાન 3. તાવ 4. સાજું થવું 5. દવા


(સાચી પ્રક્રિયા પ્રમાણે ગોઠવો)

(A) 1, 3, 5, 4, 2
(B) 1, 5, 2, 3, 4
(C) 3, 1, 2, 5, 4
(D) 5, 1, 2, 3, 4

(78) અંગ્રેજી શબ્દકોષ પ્રમાણેના સાચા ક્રમ મુજબ ગોઠવો.


(A) APPLE, ANT, ALL, AXE
(B) ALL, ANT, APPLE, AXE
(C) ANT, ALL, AXE, APPLE
(D) APPLE, AXE, ANT, ALL

(79) પ્રશ્નાર્થની જગ્યાએ નીચેના વિકલ્પ પૈકી કયો વિકલ્પ આવશે ?





(A) 16
(B) 18
(C) 20
(D) 22

(80) પ્રશ્નાર્થની જગ્યાએ નીચેના વિકલ્પ પૈકી કયો વિકલ્પ આવશે ?




(A) 432
(B) 334
(C) 512
(D) 501

(81) 


(A) 525 (B) 576 (C) 550 (D) 560

- **પેરેગ્રાફના આધારે પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન નં. 82 થી 84)**

આજ કાલ મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ દરેક વિદ્યાર્થીના જીવનનો મહત્ત્વનો હિસ્સો બની ગયા છે. તેના ઉપયોગથી વિદ્યાર્થીઓ ઘરે બેઠા ઘણી માહિતી મેળવી શકે છે. ઓનલાઈન વીડિયો જોઈને નવું શીખી શકે છે અને મિત્રો સાથે જોડાયેલા રહી શકે છે. પરંતુ તેનો વધુ પડતો ઉપયોગ આંખોને નુકસાન પહોંચાડે છે, સમયનો વેડફાટ કરે છે અને વાસ્તવિક રમતો અને વાર્તાલાપથી દૂર રાખે છે. કેટલાક વિદ્યાર્થીઓ રાત્રે સુવાના સમય સુધી ફોન છોડતા નથી, જેથી તેમની ઊંઘ અને અભ્યાસ પર તેની અસર પડે છે. સાચી પ્રગતિ ત્યારેજ બને જ્યારે વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ સમજી-વિચારીને કરશે અને તેને પોતાના અભ્યાસ અને કારકિર્દી માટે ઉપયોગી બનાવશે.

(82) પેરેગ્રાફ અનુસાર મોબાઈલ ફોનનો સૌથી મોટો લાભ શું છે ?

(A) સમય સરળતાથી પસાર થાય છે.

(B) વાસ્તવિક રમતો રમી શકાય છે.

(C) આંખો મજબૂત બને છે.

(D) ઘરે બેઠા ઘણી માહિતી મળી રહે છે.

(83) મોબાઈલથી વિદ્યાર્થીઓ કેવી રીતે મિત્રો સાથે જોડાયેલા રહી શકે ?

(A) વાસ્તવિક વાતચીત દ્વારા

(B) ઈન્ટરનેટ દ્વારા

(C) પુસ્તકો વાંચીને

(D) કસરત કરીને

(84) પેરેગ્રાફ મુખ્ય વિચાર શું છે ?

(A) મોબાઈલ ખરાબ છે.

(B) મોબાઈલનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ જરૂરીછે.

(C) મોબાઈલથી ઘણા નુકસાન છે.

(D) વિદ્યાર્થીઓએ મોબાઈલનો ખૂબ જ ઉપયોગ કરવો જોઈએ.

(85)

| | | |
|---|---|---|
| 8 | 9 | 7 |
| 5 | 1 | 6 |
| 2 | 4 | 2 |
| 21 | 37 | ? |

(A) 15 (B) 58

(C) 20 (D) 9

- **નીચે આપેલ કોષ્ટક ગુજરાતના ચાર અલગ-અલગ જિલ્લાઓમાં એક વર્ષ દરમિયાન મુખ્ય ત્રણ અનાજ (ઘઉં, ચોખા, બાજરી) નું ઉત્પાદન (ટનમાં) દર્શાવે છે.**

| જિલ્લો | ઘઉં | ચોખા | બાજરી |
|---|---|---|---|
| A | 250 | 150 | 80 |
| B | 180 | 220 | 100 |
| C | 300 | 100 | 90 |
| D | 200 | 280 | 50 |

**ઉપરોક્ત કોષ્ટકને આધારે પ્રશ્ન ક્રમાંક 86 થી 88 ના જવાબ આપો.**

(86) તમામ ચાર જિલ્લાઓમાં મળીને કયા અનાજનું કુલ ઉત્પાદન સૌથી ઓછું છે ?

(A) ઘઉં

(B) બાજરી

(C) ચોખા

(D) ઘઉં અને ચોખા બંનેનું સરખું છે.

(87) તમામ જિલ્લાઓમાં ઘઉંના કુલ ઉત્પાદન અને ચોખાના કુલ ઉત્પાદન વચ્ચે કેટલો તફાવત છે ?

(A) 160 ટન (B) 200 ટન

(C) 250 ટન (D) 180 ટન

(88) ચાર જિલ્લાઓમાં ચોખાના ઉત્પાદનની સરેરાશ (Average) કેટલી છે ?

(A) 190 ટન (B) 200.5 ટન

(C) 175.5 ટન (D) 187.5 ટન

● ઈલેક્ટ્રોનિક્સના શો રૂમમાં ડિસેમ્બર મહિના દરમિયાન વેચાયેલા ચાર અલગ-અલગ ઉપકરણો (AC, TV, Fridge, Washing Machine) ની સંખ્યા અને તેની સરેરાશ કિંમત (હજાર રૂપિયામાં) દર્શાવેલ છે.

| ઉપકરણ | વેચાયેલા એકમોની સંખ્યા | સરેરાશ કિંમત (રૂ. હજારમાં) |
|---|---|---|
| AC | 40 | 35 |
| TV | 60 | 45 |
| Fridge | 50 | 28 |
| W. Machine | 50 | 32 |

**ઉપરોક્ત ટેબલમાં અપાયેલ માહિતીને આધારે પ્રશ્ન ક્રમાંક 89 થી 90 ના જવાબ આપો.**

(89) કયા બે ઉપકરણોના વેચાણમાંથી થયેલ કુલ આવક સમાન છે ?

(A) AC અને Fridge

(B) TV અને Fridge

(C) TV અને Washing Machine

(D) AC અને Washing Machine

(90) AC ની સરેરાશ કિંમત TV ની સરેરાશ કિંમત કરતા આશરે કેટલા ટકા ઓછી છે ?

(A) 20% (B) 10% (C) 25.5% (D) 22.22%

(91) પ્રોટિન એ કેવા પ્રકારનો પદાર્થ છે ?

(A) હાઈડ્રોજનયુક્ત (B) નાઈટ્રોજનયુક્ત

(C) સલ્ફરયુક્ત (D) ફોસ્ફરસયુક્ત

(92) નીચેનામાંથી કયુ વિધાન રવિપાક માટે અસત્ય છે ?

(A) તે સામાન્ય રીતે ઓક્ટોબરથી માર્ચ દરમિયાન લેવામાં આવે છે.

(B) ડાંગર અને મકાઈ એ રવી પાકનાં મુખ્ય ઉદાહરણો છે.

(C) ઘઉં અને રાઈ રવીપાક તરીકે ઓળખાય છે.

(D) તેને શિયાળુ પાક પણ કહેવામાં આવે છે.

(93) દહીં, લીંબુનો રસ, નારંગીનો રસ અને વિનેગરનો સ્વાદ ખાટો હોય છે. આ ખાટા સ્વાદનું મુખ્ય કારણ કયું રાસાયણિક તત્ત્વ છે ?

(A) બેઈઝ (B) એસિડ

(C) ક્ષાર (D) તટસ્થ પદાર્થ

(94) લણણી ઋતુની સાથેનો વિશેષ ઉત્સવ કયો છે ?

(A) હોળી
(B) જન્માષ્ટમી
(C) નવરાત્રી
(D) મકરસંક્રાંતિ

(95) મનુષ્ય તથા ઢોરમાં બેક્ટેરિયા દ્વારા થતો ગંભીર રોગ કયો છે ?

(A) મેલેરિયા
(B) એન્થ્રેક્સ
(C) ફુટ અને માઉથ ડિસીઝ
(D) લિમ્પી

(96) નીચેના કયાં રાજ્યમાંથી કુદરતી વાયુ મળી આવે છે ?

(A) પંજાબ
(B) ગુજરાત
(C) કેરળ
(D) ત્રિપુરા

(97) ગોઈટર રોગ માટે કયો અંતઃસ્ત્રાવ જવાબદાર છે ?

(A) ઈન્સ્યુલિન
(B) થાયરોક્સિન
(C) એડ્રિનાલિન
(D) ઈસ્ટ્રોજન

(98) પાચન બાદ કાર્બોદિત પદાર્થનું ................ માં રૂપાંતરણ થાય છે ?

(A) ફેટિ એસિડ
(B) ગ્લિસરોલ
(C) એમિનો એસિડ
(D) સરળ શર્કરામાં

(99) પાલકમાં કયો એસિડ હોય છે ?

(A) એસિટિક એસિડ
(B) ફોર્મિક એસિડ
(C) લેક્ટિક એસિડ
(D) ઓક્ઝેલિક એસિડ

(100) ભારે કસરત દરમિયાન સ્નાયુ કેમ ખેંચાય જાય છે ?

(A) જારક શ્વસન થતાં લેક્ટિક એસિડ એકઠો થવાથી
(B) અજારક શ્વસન થતાં લેક્ટિક એસિડ એકઠો થવાથી
(C) જારક શ્વસન થતાં ગ્લુકોઝ એકઠો થવાથી
(D) અજારક શ્વસન થતાં ગ્લુકોઝ એકઠો થવાથી

(101) નીચેના પ્રાણીઓની મહત્તમ ઝડપનો ઉત્તરતો ક્રમ કયો છે ?

(A) ચિત્તો, સસલું, ખિસકોલી, ઉંદર
(B) ચિત્તો, ખિસકોલી, સસલું, ઉંદર
(C) ચિત્તો, ખિસકોલી, ઉંદર, સસલું
(D) ચિત્તો, સસલું, ઉંદર, ખિસકોલી

(102) બે સ્ટેશન વચ્ચે 120 કિમીનું અંતર છે. સ્કૂટરને આ અંતર કાપવા લાગતો સમય 2 કલાક છે. તો સ્કૂટરની ઝડપ શું થશે ?

(A) 60 કિમી/મિનીટ
(B) 60 મિટર/કલાક
(C) 60 કિમી/કલાક
(D) 60 મિટર/મિનીટ

(103) અંતર્ગોળ લેન્સ વડે કેવું પ્રતિબિંબ મળે છે ?

(A) આભાસી, ઊલટું, મોટું
(B) વાસ્તવિક, ઊલટું, મોટું
(C) વાસ્તવિક, ચત્તું, નાનું
(D) આભાસી, ચત્તું, નાનું

(104) વિદ્યુત ઢોળ (Electroplating) નો ઉપયોગ શેના માટે થાય છે ?

(A) ધાતુ વિઘટન
(B) સસ્તી ધાતુ પર મોંઘી ધાતુ ચડાવવા
(C) પાણીને શુદ્ધ કરવા
(D) વીજળીનો કરંટ આપવા

(105) રાસાયણિક ખાતરોના વધુ પડતો ઉપયોગને કારણે શું પરિણામ મળે છે ?

(A) માટીની ગુણવત્તા વધે
(B) પાકની ગુણવત્તા વધે
(C) જમીનની ફળદ્રુપતા ઘટે
(D) પાણી શુદ્ધ થાય

(106) કિશોરાવસ્થામાં સમતોલ આહાર કેમ જરૂર છે ?

(A) જરૂરી ઊંઘ માટે
(B) વૃદ્ધિ અને વિકાસ માટે
(C) રમવા માટે
(D) ચહેરાના નિખાર માટે

(107) ભારતનું પ્રથમ આરક્ષિત જંગલ કયું છે ?

(A) સતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન
(B) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
(C) રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન
(D) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

(108) રૂધિર ગંઠાવવાની પ્રક્રિયામાં મુખ્યત્વે શું જવાબદાર છે ?

(A) શ્વેતકણ
(B) લાલ રક્તકણ
(C) ત્રાકકણ
(D) પ્લાઝમાં

(109) નીચેના પૈકી કયું ઉદાહરણ એકલિંગી પુષ્પનું છે ?

(A) સરસવ
(B) ગુલાબ
(C) મકાઈ
(D) પેટુનિયા

(110) નીચેનામાંથી કઈ ગ્રંથી પાચનમાર્ગ સાથે સંકળાયેલી છે ?

(A) યકૃત
(B) એડ્રિનલ
(C) થાઈરોઈડ
(D) પિટ્યુટરી

(111) કાર્બન ડાયોક્સાઈડ યુક્ત રુધિરને શરીરના તમામ ભાગોમાંથી હૃદય તરફ કોણ લઈ જાય છે ?

(A) ફુટફુસીય ધમની (B) ફુટફુસીય શિરા

(C) ધમની (D) શિરા

(112) સાદુ લોલક 20 દોલન પૂર્ણ કરવા માટે 52 સેકન્ડનો સમય લે છે તો તેનો આવર્તકાળ કેટલો હોય ?

(A) 2.6 સેકન્ડ (B) 0.26 સેકન્ડ

(C) 0.52 સેકન્ડ (D) 5.2 સેકન્ડ

(113) નીચેના પૈકી કયુ ઉપકરણ વિદ્યુતપ્રવાહની ઉષ્મીય અસરનાં સિદ્ધાંત પર કાર્ય કરતું નથી ?

(A) ઈલેક્ટ્રીક હીટર (B) ફ્યુઝ

(C) ઈલેક્ટ્રીક સગડી (D) વિદ્યુત ઘંટડી

(114) એક મીણબત્તીને સમતલ અરીસાથી 15 cm દૂર રાખેલી છે. તો મીણબત્તી અને તેના પ્રતિબિંબ વચ્ચેનું અંતર કેટલું હશે ?

(A) 5 cm (B) 10 cm

(C) 15 cm (D) 30 cm

(115) નીચેના પૈકી કયું એન્ટિબાયોટિક્સ છે ?

(A) સોડિયમ બાયકાર્બોનેટ (B) આલ્કોહોલ

(C) ટેટ્રાસાયક્લિન (D) યીસ્ટ

(116) નીચેના પૈકી કોનો ઉપયોગ સ્ટીલના ઉત્પાદનમાં અને ઘણી ધાતુઓના નિષ્કર્ષણમાં થાય છે ?

(A) કોલટાર (B) કોક

(C) ડામરની ગોળી (D) કોલગેસ

(117) બળતણનાં કેલરી મૂલ્યને કયા એકમથી દર્શાવાય છે ?

(A) કિલોજૂલ (B) કિલોગ્રામ

(C) કિલોજૂલ પ્રતિ કિગ્રા (D) કિગ્રા પ્રતિ કિલોજૂલ

(118) હવામાં કયા વાયુનું વધતું પ્રમાણ ગ્લોબલ વૉર્મિંગનું કારણ હોવાનું માનવામાં આવે છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) ઑક્સિજન

(C) નાઈટ્રોજન (D) સલ્ફર ડાયોક્સાઈડ

(119) સતપુડા કયા વન્યપ્રાણી માટે આરક્ષિત વિસ્તાર છે ?

(A) દિપડો (B) ચિત્તો

(C) સિંહ (D) વાઘ

(120) બેકિંગ સોડાનું રાસાયણિક સ્વરૂપ જણાવો.

(A) એસિડ (B) ક્ષાર

(C) ખાંડ (D) મીઠું

(121) $(-41) \div [(-40) + (-1)] = ......?......$

(A) (–1) (B) 1

(C) $\frac{-41}{39}$ (D) $\frac{41}{39}$

(122) એક બેટ્સમેને 6 દાવમાં 23, 35, 42, 38, 26 અને 64 રન બનાવ્યા તો એક દાવમાં તેના દ્વારા બનાવવામાં આવેલ રનની સરાસરી કેટલી થાય ?

(A) 28 (B) 38 (C) 48 (D) 58

(123) નીચેની માહિતીનો મધ્યસ્થ કેટલો થાય ? 25, 37, 47, 18, 19, 26, 36

(A) 18 (B) 25 (C) 26 (D) 36

(124) અજયના પિતાની ઉંમર અજયની ઉંમરના ત્રણ ગણાથી 6 વધુ છે. અજયના પિતા 45 વર્ષના છે. જો અજયની ઉંમર $x$ વર્ષ હોય તો તેની ઉંમર શોધવાનું સમીકરણ નીચેના પૈકી કયું થાય ?

(A) $3x + 6 = 45$ (B) $3x - 6 = 45$

(C) $6x + 3 = 45$ (D) $6x - 3 = 45$

(125) કોઈ એક ત્રિકોણમાં એક ખૂણાનું માપ $48^0$ બીજા ખૂણાનું માપ $53^0$ હોય તો ત્રીજા ખૂણાનું માપ કેટલું હોય ?

(A) $49^0$ (B) $59^0$

(C) $69^0$ (D) $79^0$

(126) $\Delta ABC$ માં $\angle C$ કાટખૂણો છે. જો AC = 12 cm AB = 13 cm હોય તો BC ની લંબાઈ શોધો ?

(A) 5 cm (B) 25 cm

(C) 144 cm (D) 169 cm

(127) એક વસ્તુની કિંમત રૂા. 140 છે. જો દુકાનદાર તેને 25% ખોટ સાથે વેંચે છે તો વેચાણ કિંમત કેટલી થાય ?

(A) 35 રૂા. (B) 105 રૂા.

(C) 115 રૂા. (D) 165 રૂા.

(128) એક વર્તુળાકાર તકતીનો પરિઘ 88 સેમી છે. તો તકતીની ત્રિજ્યા કેટલી થાય ? ($\pi = \frac{22}{7}$ લો)

(A) 7 સેમી (B) 14 સેમી

(C) 21 સેમી (D) 28 સેમી

(129) જો $x = 10$ હોય તો $x^3 - 4(x - 10)$ ની કિંમત કેટલી થાય ?

(A) 100 (B) 920 (C) 960 (D) 1000

(130) 6985 નું પ્રમાણભૂત સ્વરૂપ કયું છે ?

(A) $698.5 \times 10^1$ (B) $69.85 \times 10^2$

(C) $6.985 \times 10^3$ (D) $0.6985 \times 10^4$

(131) કિંમત શોધો. $\left(\frac{-3}{16}\right) \times \frac{4}{5} \times \frac{15}{7} \times \left(\frac{-14}{9}\right)$

(A) $\frac{1}{2}$ (B) $\left(\frac{-1}{2}\right)$

(C) $\frac{1}{3}$ (D) $\left(\frac{-1}{3}\right)$

(132) $\frac{3x+1}{4} + 1 = \frac{x-5}{8}$ તો $x =$ ..........?..........

(A) 3 (B) (– 3)

(C) 1 (D) (– 1)

(133) નીચેના પૈકી કઈ સુરેખ પદાવલી નથી ?

(A) $2x + 1$ (B) $3y - 1$

(C) $x^2 + 1$ (D) $13 - 5z$

(134) નીચેના પૈકી કયો લંબચોરસનો ગુણધર્મ નથી ?

(A) પાસપાસેની બાજુઓ સમાન લંબાઈની હોય (B) દરેક ખૂણો કાટખૂણો હોય

(C) વિકર્ણની લંબાઈ સમાન હોય (D) વિકર્ણ પરસ્પર દુભાગે

(135) કયો આલેખ એ આપેલી વિગતનો ચોક્કસ ભાગ અને તેના કુલ ભાગ વચ્ચેનો સંબંધ દર્શાવે છે ?

(A) સુરેખ આલેખ (B) ચિત્ર આલેખ

(C) લંબ આલેખ (D) વર્તુળ આલેખ

(136) એક થેલામાં 8 લાલ રંગના અને 4 પીળા રંગના દડા છે. જો થેલામાંથી જોયા વગર એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે તો આ દડો લાલ રંગનો હોય જ તેની સંભાવના કેટલી ?

(A) $\frac{2}{3}$ (B) $\frac{3}{2}$

(C) $\frac{1}{3}$ (D) $\frac{1}{2}$

(137) કઈ નાનામાં નાની સંખ્યાને 3920 સાથે ગુણવાથી મળતી સંખ્યા પૂર્ણવર્ગ મળે ?

(A) 2 (B) 3 (C) 5 (D) 7

(138) નીચેનામાંથી કઈ જોડ કોટિકોણની જોડ નથી ?

(A) $62^0, 28^0$ (B) $58^0, 32^0$

(C) $78^0, 22^0$ (D) $60^0, 30^0$

(139) એક વર્ગના 40 વિદ્યાર્થીઓ પૈકી 25% વિદ્યાર્થીઓને ફૂટબોલ રમવું પસંદ છે તો વર્ગમાં ફૂટબોલ રમવાનું પસંદ ન હોય તેવા વિદ્યાર્થીઓની સખ્યા કેટલી ?

(A) 10 (B) 30 (C) 20 (D) 25

(140) $\frac{6}{-5} \div \frac{-2}{3} =$

(A) $\frac{4}{5}$ (B) $\frac{-4}{5}$

(C) $\frac{18}{10}$ (D) $\frac{-18}{10}$

(141) $9 \times 10^5 + 2 \times 10^2 + 4 \times 10^1$ વિસ્તૃત સ્વરૂપને સંખ્યામાં કઈ રીતે લખાય ?

(A) 9000240 (B) 9000204

(C) 900240 (D) 9000024

(142) $12^n = 1728$ થાય તો n નું મૂલ્ય શું થાય ?

(A) 4 (B) 2 (C) 5 (D) 3

(143) કઈ સંખ્યાના 25% એ $3^2$ બરાબર થાય ?

(A) 12 (B) 36 (C) 48 (D) 60

(144) 5 : 10 = ...................... : 30

(A) 20 (B) 15 (C) 3 (D) 10

(145) $x^2 - 25$ નું અવયવીકરણ કયું છે ?

(A) $(x-5)(x+5)$ (B) $(x-25)(x+25)$

(C) $(x-5)^2$ (D) $(x+5)^2$

(146) નીચેનામાંથી કયા ચતુષ્કોણના તમામ ખૂણા કાટખૂણા છે ?

(A) સમબાજુ ચતુષ્કોણ (B) ચોરસ

(C) લંબચોરસ (D) બંને B અને C

(147) $x=\frac{4}{5}(x+10)$ સમીકરણનો ઉકેલ શું થાય ?

(A) $x=40$ (B) $x=10$ (C) $x=5$ (D) $x=15$

(148) એક પેટીમાં $x$ સફરજન છે. તેમાં બીજા એટલા જ સફરજન ઉમેરી અને 3 (ત્રણ) સફરજન તેમાંથી કાચા લાગતા કાઢી લઈએ તો છેલ્લે પેટીમાં 7 (સાત) સફરજન વધે છે તો $x$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 6 (B) 10

(C) 5 (D) 4

(149) શહેરમાં કાર ચલાવનારા લોકો 40% છે તથા બાકીના 60% લોકો અન્ય પરિવહનનો ઉપયોગ કરે છે. પાઈ-ચાર્ટ દોરવા માટે કાર ચલાવનારા લોકોમાટેના વૃતાંશનો કેન્દ્ર આગળ કેટલા માપનો ખૂણો બનશે ?

(A) $60^0$ (B) $144^0$

(C) $90^0$ (D) $120^0$

(150) એક કાર 2.5 કલાકમાં 125.50 કિલોમિટરનું અંતર કાપે છે, તો તેણે 1 કલાકમાં સરેરાશ કેટલું અંતર કાપ્યું કહેવાય ?

(A) 50.1 કિમી. (B) 25.1 કિમી.

(C) 50.2 કિમી. (D) 50 કિમી.

(151) 25 મોબાઈલમાંથી 5 મોબાઈલ 5G ટેકનોલોજી ધરાવે છે. તો 5G ટેકનોલોજી વાળા મોબાઈલ કેટલા ટકા છે ?

(A) 10% (B) 30%

(C) 20% (D) 25%

- **નીચેના ફકરાના આધારે પ્રશ્ન નં. 152 થી 154 ના જવાબ આપો.**

સજીવોમાં આનુવંશિકતાનો એકમ જનીન છે. તે પિતૃ પેઢીમાંથી સંતતિ પેઢીમાં આનુવંશિક લક્ષણોનું વહન અને નિયંત્રણ કરે છે. તેનો અર્થ એ છે કે, માતા-પિતાના કેટલાક લક્ષણો જનીનો દ્વારા તમને પ્રાપ્ત થાય છે, જો તમારા પિતાને બદામી આંખો હોય તો સંભવ છે કે તમને પણ બદામી આંખો હોય. જો તમારી માતાને વાંકડીયા વાળ હોય તો સંભવ છે કે, તમને પણ વાંકડીયા વાળ હોય, પરંતુ પિતૃમાંથી પ્રાપ્ત વિભિન્ન સંયોજીત જનીન પ્રાપ્ત થવાના કારણે લક્ષણો ભિન્ન પણ હોઈ શકે છે.

(152) જનીન એ .................. લક્ષણો માટે જવાબદાર છે.

(A) વારસાગત (B) સામાજિક

(C) આર્થિક (D) સાંસ્કૃતિક

(153) જનીન સંયોજિત થવાના લીધે .....................

(A) પ્રજાતિમાં એકરૂપતા વધે છે. (B) નવી જૈવિક રચનાઓ રચાય છે.

(C) જૈવિક રચનાઓ બનવાની ગતિ મંદ પડે છે. (D) જનીનની સંખ્યા વધે છે.

(154) નીચેનામાંથી કયું લક્ષણ આનુવંશિક નથી ?

(A) આંખોનો રંગ (B) લોહીનું જૂથ

(C) ભાષા બોલવાની ક્ષમતા (D) ચહેરાની રચના

(155) સામાજિક ન્યાયનો મુખ્ય હેતુ શું છે ?

(A) અસમાનતા વધારવી (B) શોષણ વધારવું

(C) દરેકને સમાન તક આપવી (D) મતભેદ વધારવા

(156) એપિ સેન્ટર શબ્દ .................. સાથે જોડાયેલ છે.

(A) વાવાઝોડું (B) ધરતી કમ્પ

(C) દુકાળ (D) પૂર

(157) વુલ માર્ક : ઉનની બનાવટ તો હોલમાર્ક : ..................

(A) સોનાની બનાવટની વસ્તુઓ

(B) લાકડાની બનાવટની વસ્તુઓ

(C) પ્લાસ્ટિકની બનાવટની વસ્તુઓ

(D) હાથિદાંતની બનાવટની વસ્તુઓ

(158) માતા-પિતા અથવા વાલીની પોતાના કેટલી વયના બાળક કે પાલ્યને શિક્ષણની તકો પુરી પાડવાની મૂળભૂત ફરજ છે ?

(A) 5 થી 15 વર્ષ (B) 6 થી 14 વર્ષ

(C) 5 થી 18 વર્ષ (D) 6 થી 18 વર્ષ

(159) નીચેના પૈકી કયું સંસાધન દુર્લભ સંસાધન તરીકે ઓળખાય છે ?

(A) કોપર પાયરાઈટ (B) ક્રાયોલાઈટ

(C) યુરેનિયમ (D) આયર્ન

(160) ઉદ્યોગની સ્થાપના માટે કયું પરિબળ સૌથી વધુ અસરકર્તા છે ?

(A) વસ્ત્રોનો રંગ

(B) રમતનું મેદાન

(C) પ્રાણીધનની ઉપલબ્ધિ

(D) કાચામાલની પ્રાપ્તિ નજીકમાં હોય

(161) રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી અમૃતમ્ (માં) યોજનામાં કુટુંબના મહત્તમ કેટલા વ્યક્તિનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 4 (B) 5 (C) 2 (D) 3

(162) રાજ્યસભાના કેટલા સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે ?

(A) 10 (B) 11

(C) 9 (D) 12

(163) જેટ વિમાનો કયા આવરણમાં ઓછા અવરોધ અને ઝડપથી ઉડી શકે છે ?

(A) ક્ષોભ આવરણ

(B) સમતાપ આવરણ

(C) મધ્યાવરણ

(D) ઉષ્માવરણ

(164) કયા ખડકના સ્તરોની વચ્ચેથી ખનીજતેલ મેળવવામાં આવે છે ?

(A) સખત ખડકો

(B) રેતાળ ખડકો

(C) અગ્નિકૃત ખડકો

(D) પ્રસ્તર ખડકો

(165) બનાસકાંઠા જિલ્લામાં કયા સ્થળે બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે ?

(A) ચાણસમા (B) દાંતીવાડા

(C) પાલનપુર (D) વડગામ

(166) ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન કયા જિલ્લામાં સૌથી વધારે થાય છે ?

(A) અરવલ્લી (B) કચ્છ

(C) જૂનાગઢ (D) પંચમહાલ

(167) આદિવાસીઓ કોના સ્વરૂપને દેવી - દેવતા માને છે ?

(A) પ્રકૃતિના (B) મનુષ્યના

(C) પ્રાણીઓના (D) પક્ષીઓના

(168) વિધાન પરિષદના સભ્ય બનવા માટે ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી કેટલા વર્ષ હોવી જોઈએ ?

(A) 30 વર્ષ (B) 20 વર્ષ

(C) 18 વર્ષ (D) 21 વર્ષ

(169) સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઓડિશા (B) આંધ્રપ્રદેશ

(C) તમિલનાડુ (D) સિક્કિમ

(170) ક્યાં શાસકના મંત્રી મંડળને અષ્ટપ્રધાન મંડળ કહેવામાં આવતું હતું ?

(A) છત્રપતિ શિવાજી મહારાજ

(B) રાણાસાંગા

(C) મહારાણા પ્રતાપ

(D) વીર દુર્ગાદાસ રાઠોડ

(171) ઝૂમ ખેતી કોને કહેવાય ?

(A) રણમાં થતી ખેતી

(B) ગામડામાં થતી ખેતી

(C) ડુંગરાળ વિસ્તાર ફરતે થતી ખેતી

(D) સિંચાઈ દ્વારા થતી ખેતી

(172) કઈ નદીની દક્ષિણમાં આવેલા રાજ્યોને દક્ષિણના રાજ્યો કહેવામાં આવે છે ?

(A) કાવેરી (B) નર્મદા

(C) ગોદાવરી (D) કૃષ્ણા

(173) જો તમે એવા પ્રદેશની મુલાકાતે જાવ છો જ્યાં સરેરાશ વાર્ષિક વરસાદ 70 સે.મી. કરતાં ઓછો હોય, ઉનાળો ગરમ અને શુષ્ક હોય અને છોડ તેમના ભેજનો સંગ્રહ કરવા માટે કાંટાળી પ્રજાતિઓ ધરાવતા હોય તો તે પ્રદેશમાં મુખ્યત્વે શું જોવા મળશે ?

(A) ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો

(B) કાંટાળી વનસ્પતિઓ અને ઝાડીઓ

(C) ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો

(D) સમશીતોષ્ણ ઘાસનાં મેદાનો

(174) ભારતમાં આવનાર યુરોપિયનોમાંથી સૌથી પહેલા કોણ આવ્યા હતા ?

(A) અંગ્રેજ (B) ડચ

(C) પોર્ટુગીઝ (D) ફ્રેન્ચ

(175) ભારતમાં કઈ લડાઈ પછી અંગ્રેજ શાસનની શરૂઆત થઈ હતી ?

(A) પ્લાસીની લડાઈ (B) બકસરની લડાઈ

(C) પાનિપતની લડાઈ (D) દિલ્હીની લડાઈ

(176) અંગ્રેજ શાસન સમયમાં કઈ ભાષાને વહીવટી ભાષા તરીકે રાખવામાં આવી હતી ?

(A) હિન્દી (B) અરબી

(C) અંગ્રેજી (D) સંસ્કૃત

(177) વર્ષ 1956 માં રાજ્ય પુનર્ગઠન અધિનિયમનો આધાર શું હતો ?

(A) ભાષા (B) આબોહવા

(C) પ્રદેશ (D) સંસ્કૃતિ

(178) સઘન ખેતી પદ્ધતિને કયા મુખ્ય લક્ષણોને આધારે નિર્વાહ ખેતીથી અલગ પાડી શકાય છે ?

(A) આ પદ્ધતિમાં ખેતીનો હેતુ માત્ર પરિવારના ભરણપોષણ માટે હોય છે, વેપાર માટે નહીં

(B) આ પદ્ધતિમાં ખેડૂત આધુનિક ઉપકરણો, સિંચાઈ અને રાસાયણીક ખાતરોનો ઉપયોગ કરી મહત્તમ ઉત્પાદન મેળવે છે જેનું મુખ્ય લક્ષ્ય વેપાર હોય છે.

(C) આ પદ્ધતિમાં જમીનના નાના ટૂકડા પર ખેડૂત ઓછા શ્રમનો ઉપયોગ કરી વર્ષમાં બે પાક લે છે.

(D) આ પદ્ધતિ મુખ્યત્વે સૂકા અને ઓછા વરસાદવાળા પ્રદેશોમાં વધુ કારગર સાબિત થાય છે.

(179) આપત્તિના સમયે સૌથી પ્રથમ કયું પગલું ભરવું જોઈએ.

(A) અફવા ફેલાવવી (B) ભયભીત થવું

(C) સુરક્ષિત સ્થળે ખસી જવું (D) બધાને એકઠા કરવા

(180) અંગ્રેજ સમયમાં કયા કારણસર પરંપરાગત ગૃહઉદ્યોગો તૂટી ગયા ?

(A) વરસાદને કારણે (B) વિદેશી મશીન બનાવટના માલને કારણે

(C) શિક્ષણના વિકાસને કારણે (D) વધુ પડતા શહેરીકરણને કારણે

◆◆◆

# રફ કામ માટેનું પેઇજ

# રફ કામ માટેનું પેઈજ

QUESTION PAPER NO.
A 332861

## રફ કામ માટેનું પેઈજ

**પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**